विजयन्ते श्रीमदाचार्यचरणाः ।

श्रीप्रभुचरणुविरचित

સૌન્દર્યપદ્ય

૧) શ્રીગો. શ્રીગોકુલોત્સવકૃત વિવરણ
અને તેનો અનુવાદ.

૨) શ્રીગોપાલદાસકૃત વ્યાખ્યાન.

શિક્ષાશ્લોકી

શ્રીદ્વારકેશજીકૃતટીકા

અને તેનો અનુવાદ.

શ્રીબાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભા તરફથી
પ્રથમપરીક્ષામાં રાખેલા ગ્રન્થો.

દ્વિતીયાવૃત્તિ.

પ્રકાશક:
શ્રી બા. શુ. મહાસભા.
મોટા મંદિર સુરત.

ન્યોછાવર
૦–૪–૦

અનુવાદક
શાસ્ત્રી
ચીમનલાલ

સુરત—ચોટાના પૂલ ઉપર આવેલા "સુરત સિટિ" પ્રિન્ટિગ પ્રેસમાં
વજેરામ માનસિંહે છાપ્યું.

પ્રસ્તાવના

(૧) સૌન્દર્યપદ્યનું મુદ્રણ મુંબઈમાં લાલબાવાના મંદિરમાં હું હતો ત્યારે શેઠ વિષ્ણુદાસ કિસનદાસના દ્રવ્ય સાહાય્યથી મેં પ્રકટ કરેલું–તેઓ વિના મૂલ્ય વિતરણ કરતા તે વિતરણ બંધ થયું. સંવત ૧૯૮૪માં સૌન્દર્યપદ્ય મહાસભાએ પરીક્ષામાં રાખ્યું તેથી તેની મહાસભાને મુદ્રણ કરાવાની આવશ્યકતા લાગતાં દ્વિતીયાવૃત્તિનું મુદ્રણ મહાસભાએ કરાવ્યું. તે વખત કરતાં આ વખતે ભાષા સરલ કરી છે. અને પ્રથમમાં જે અશુદ્ધિ રહી તે શોધ્યા છે. આ વખતે પાછલા મુદ્રણ ઉપર આધાર રાખ્યો જ નથી. બીજી પ્રતિઓ જોડે પણ મેળવી લીધા છે.

(૨) શિક્ષાસાર્ધત્રયશ્લોકી મેં મારાજ દ્રવ્યથી છપાવેલી તે પણ સૌન્દર્યપદ્યવત્ દુષ્પ્રાપ્ય થઈ. આ પણ ગ્રન્થ પ્રથમ પરીક્ષામાં રાખેલો છે. તેથી મહાસભાને મુદ્રણ કરાવાની આવશ્યકતા લાગતાં તેની દ્વિતીયાવૃત્તિનું મુદ્રણ કરાવ્યું.

આ ઉપર બીજી બે ત્રણ ટીકા છે. બે ટીકા તો મેં જોઇ છે. એક ટીકા શાસ્ત્રીજી વસંતરામજીને શુદ્ધાદ્વૈતમાં મુકવા માટે આપી છે. અ બ--- પ્રતિ એટલી બધી અશુદ્ધ છે કે તે આ વખતે સાથે મુદ્રણ કરવા વિચાર કર્યો. પણ અશુદ્ધિના સમુદ્રને ઉલ્લંઘી ન શકવાથી કોઈ શુદ્ધ પ્રતિ મળે છપાવવા વિચાર રાખ્યો છે.

ચીમનલાલશાસ્ત્રી.

કલિકાલતમચ્છન્નદૃષ્ટિવાળા વિદ્વાનોને પણ અધુના આવરણ સર્વાજ્ઞાતલીલ શ્રીમદાચાર્યચરણનું સ્વરૂપ અતિગૂઢ હોય એમાં શી નવાઈ? પરન્તુ ભક્તપરાયણ ભગવાન્ શ્રીગોકુલોત્સવદ્વારા વખતે દુરારાધ્ય છતાં સુખસાધ્ય બને તો અલ્પજ્ઞ જીવ શ્રીમદાચાર્યચરણના સ્વરૂપને કંઈક સમજે, એ નિઃસંશય છે.

શ્રીમદાચાર્યચરણનું સ્વરૂપ સર્વોત્તમજી શ્રીવલ્લભાષ્ટક અને સ્ફુરત્કૃષ્ણપ્રેમામૃતમાં અને તે ત્રણેના વિવરણોમાં સવિસ્તર દર્શાવ્યું છે. તથાપિ આ શ્લોકની અંદર જ્યારે શ્રીગોકુલોત્સવજીએ ચાર જ પંક્તિના શ્લોકમાંથી સ્વારસ્ય દર્શાવ્યું, ત્યારે એમ સ્પષ્ટ લાગ્યું કે એ ત્રણે ગ્રન્થોદધિના મન્થનમાંથી નિકળેલ આ નવનીતપિંડ છે.

શ્રીમદાચાર્યચરણ ભગવદ્દાસ્યરૂપ છતાં વૈશ્વાનર છતાં વસ્તુતઃ કૃષ્ણ જ છે. શ્રીકૃષ્ણ શૃંગારકલ્પદ્રુમ છે. શૃંગારશાસ્ત્રના નિયમાનુસાર શ્રીસ્વામિનીજીમાં સ્ત્રીભાવ અને ભગવાન્માં પુંભાવ છે. શૃંગારરસની બે અવસ્થા. સંયોગ અને વિપ્રયોગ. વિપ્રયોગમાં રસાધિકતાએ પૂર્વોક્ત ઉભયભાવ ઉભયમાં પ્રકટે છે; પરંતુ ઉભયમાં ઉભય સ્ત્રીપુમ્ભાવથી સંયોગરસમાં તો રસાભાસ જ થાય. તેથી શ્રીઠાકુરજીમાંથી સ્ત્રીભાવ શ્રીસ્વામિનીજીમાંથી પુમ્ભાવ બહાર પ્રકટ થયા, અને તે નિત્યલીલામાં પ્રિય એવા નામથી બિરાજતા શ્રીવલ્લભસ્વરૂપમાં તેનો પ્રવેશ કરાવ્યો, એટલે આ સ્વરૂપ રાસરસિક પુરુષોત્તમ કરતાં પણ અધિક ત્રિતયાત્મક બન્યું. પ્રિયસ્વરૂપે બિરાજતું હતું અને તેમાં પૂર્વોક્ત ભાવદ્વયે પ્રવેશ કર્યો,

એમ ત્રિતયાત્મકસ્વરૂપ તો હવે શ્રીઠાકુરજીની અને સ્વામિનીજીના સંયોગરસની અનેકવિધલીલાનું સાક્ષિ બન્યું, અનુભવ કરનારૂં થયું. જો અનુભવ કરનાર ન હોય, તો રસસામગ્રી લુખી થઈ જાય. તેમ જ અનુભવ કરનાર પરકીય હોય તો પણ રસ ઉડી જાઈ, રસાભાસ થઈ જાય. પરંતુ આ અનુભવ કર્તૃ સ્વરૂપ તો શ્રીપુરુષોત્તમરૂપ જ જોઇએ. સ્વસૌન્દર્યના નિધાન, સ્વાતિપ્રિય, જોઇએ; માટે જ શ્રીવલ્લભ સાક્ષિરૂપે બિરાજ્યા, તે જ ત્રિતયાત્મક રાસસ્રીભાવપૂરિતવિગ્રહ અત્ર પધારી રાસરસનું પ્રાકટ્યનિજજનાર્થ પ્રકટ કર્યું. તટસ્થ અનુભવકર્તૃ જો વિચારે કે આ પામર જીવને રાસરસિક પુરુષોતમના લીલાદર્શનનો અનુભવ કરાવવો

તે મહાભાગ્યવાન્ દૈવીજીવ કૃતાર્થ જ થાય, એમાં સંશય શો? સાક્ષસ્વિરૂપની કૃપા વિના તદધીન લીલાસ્વારસ્ય કેમ સમજાય? એ શ્રીકૃષ્ણનું સાક્ષિસ્વરૂપ જ્ઞાનદ ગુરુ જ, ભક્તના સર્વ સાધનરૂપ બની જ્યારે એ અનુભવૈકગમ્ય પ્રભુનું પ્રકટ દર્શન કરાવે તો જ આ જીવ તેમનાં દર્શન કરી શકે, એટલે આ શ્રીપ્રભુચરણનિરૂપિત ત્રિતયાત્મક સ્વરૂપના ચરણશરણે જઈ તદ્ધ્યાન કરીએ તો જ એ નિગૂઢતત્ત્વ સમજાય. તદુકત દુર્બોધ હોય તે પણ સુબોધ ત્યારે જ થાય. ત્યારે જ તે અદેયદાનદક્ષ શ્રીપ્રભુનું દાન કરે, ભાવાત્મક પ્રભુને અર્થે ભાવનું દાન કરે, તો જ વ્રજવનીવત્ શૃંગારકલ્પદ્રુમ હૃદયમાં ઉદ્ભવે.

શાસ્ત્રી

ચીમનલાલ હરિશંકર ભટ્ટ.

“ સાહિત્યભૂષણ ” “ શુદ્ધાદ્વૈતરત્ન ”

श्रीकृष्णाय नमः ॥

श्रीगोपीजनवल्लभाय नमः ॥

श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ॥

अथ गोस्वामिश्रीगोकुलोत्सवकृतं 'सौन्दर्य'-मितिपद्यस्य विवरणम्.

मूलम्

सौन्दर्यं निजहृद्गतं प्रकटितं स्त्रीगूढभावात्मकं
पुंरूपञ्च पुनस्तदन्तरगतं प्रावीविशत्स्वप्रिये ।
संश्लिष्टावुभयोर्बभौ रसमयः कृष्णो हि तत्साक्षिकं
रूपं तत्त्रितयात्मकं परमभिध्येयं सदा वल्लभम् ॥ १ ॥

विवरणम्

श्रीमत्प्रभुचरणाः स्वीयानां श्रीमदाचार्यस्वरूपध्यानमुपदिशन्तस्तदुपजीव्यतया तावत्स्वरूपं निरूपयन्ति "सौन्दर्य"-मित्यादिना । यद्यपि श्रीवल्लभाष्टकादौ स्वरूपं निरूपितं, तत्र सूचितश्चायं प्रकारस्तथापि बुद्धिदोषात्कदाचिन्न भायादिति पाक्षिकदोषपरिजिहीर्षा निरुपधिकृपालुता वा

निरूपणबीजम्। अत्रेदं हृदयम्। साक्षात् छिरसामृत-प्रेप्सुव्रजरत्नकदम्बेषु स्वलावण्यामृतदित्सय ऽनिर्वचनीयानन्दरसमयः श्रीकृष्णः प्रादुर्बभूवेति 'तदेव कदाचित्परमसौन्दर्यं स्वगतं प्रकटीकरिष्यामीति साकारं प्रादुर्भूतं सत् श्रीकृष्ण' इत्यादिनिबन्धाद्युक्तदिशावगम्यते। तत्र भगवत्यस्ति भावद्वयं, पुरुषभावः स्त्रीभावश्चेति। एवमेव श्रीमुख्यस्वामिन्यामपि भावद्वयं, तदुक्तं श्रीहरिरायचरणैः 'यथा हि सर्वभावात्मा कृष्णः सापि च तादृशी'ति। तत्र च यद्युभयत्र विरुद्धयोः स्त्रीपुम्भावयोः स्थायित्वमेव चेत्, तदा संयोगरसे पुम्भावद्वयस्य स्त्रीभावद्वयस्य च प्रतीत्या रसाभासः स्यादतः संयोगसमयविशेषे भगवतः स्वामिनीतश्च पृथक्स्थितं यद्भावद्वयं तत् श्रीमदाचार्यवर्यस्वरूपम्।

ननु भावस्यात्र धर्मात्मकत्वेनामूर्त्तत्वात्कथं भक्ताभिलषितसाकारस्वरूपत्वसिद्धिः? तदसिद्ध्या च ध्यानस्य निर्विषयत्वापातश्चेति चेत्, अत्रैवं ज्ञेयम्। भगवद्धर्मा हि भगवति लौकिकत्वेन प्रतीयमाना अपि लोकविलक्षणा नित्या एव, स्वरूपाभिन्ना एवेति न लौकिकन्यायेन निरूपयितुं योग्याः, येन तद्दृष्टान्तेनामूर्त्तत्वादिकं तत्र संभाव्येतापि।

तदुक्तं गीतायां ‘सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जित’-मित्यादि । सर्वाणि यानीन्द्रियाणि चक्षुर्वागादीनि तद्ग्राह्या गुणाश्चालौकिका यथा सन्ति तथैव स्वयमेव शुद्धमेव ब्रह्म भासते, ब्रह्मैव कर्मेन्द्रियज्ञानेन्द्रियरूपेणाभासत इत्यर्थः । एवं सतीश्वरीयज्ञानादिधर्माणामपि सच्चिदानन्दरूपत्वानन्द-मात्रकरपादमुखोदरत्वादिब्रह्मधर्मत्वं अक्षुण्णमेव सिद्ध्यति । एतदेवोक्तम्, ‘सर्वतः पाणिपादान्तं सर्वतोऽक्षि शिरोमुख’-मित्यादिना । तथा च लोके मूर्तित्वेनाप्रसिद्धस्यापि भावस्य प्रकृते मूर्त्तत्वादिधर्मवत्त्वं श्रौतमर्यादया सुप्रसिद्धमेव । अतः सुष्ठूक्त“मुपदर्शितभावद्वयस्वरूपत्वमाचार्याणा’मिति । अत एव शब्दात्मकत्वादमूर्त्तत्वेन प्रसिद्धानामपि वेदानां ‘वेदा यथा मूर्त्तिधरास्त्रिपृष्ठ’ इतिवाक्ये शब्दब्रह्मात्मकमूर्त्तिमत्त्वेन स्मरणं सङ्गच्छते । एतच्च टिप्पण्यां साधनाध्यायभाष्ये [illegible]-मिति विशेषजिज्ञासायां तत्र द्रष्टव्यम् । प्रकृतमनुसरामः । किञ्च, तादृशस्वामिनीभगवत्स्वरूपयोर्यथावदनुभवकर्तृस्वरूप-मप्यपेक्षितमेव, अनुभावकाभावे रसे चमत्कारानुदयात् । तदेव साक्षिकस्वरूपमित्युच्यते । एतच्च ज्ञातृकस्वरूपं ‘स्वय-मेवात्मनात्मानं वेत्थ त्वं पुरुषोत्तमे’तिवाक्याद् यथावत्स्व-स्वरूपज्ञातृत्वं स्वस्यैव नान्यस्येति पुरुषोत्तमस्वरूपाभिन्नमेव

वक्तव्यम् । तथा चैतद्रूपत्रितयात्मकं श्रीमदाचार्यरूपं ध्येयमिति ।

तथा चैवं श्लोकान्वयः । स्त्रीगूढभावात्मकं सौन्दर्यं पुंरूपं च सौन्दर्यं निजहृद्गतं यदस्तीतिशेषः । यच्च पुनस्तदेव सौन्दर्यद्वयं तदन्तरगतं स्वामिनोहृद्गतमस्ति तदुभयत्र गतमुभयविधं सौन्दर्यं स्वप्रिये श्रीवल्लभे कृष्णः सदानन्दः प्रावीविशत् प्रावेशितवान्। ततः प्रवेशान्तरमुभयोः स्त्रीपुम्भावयोः संश्लिष्टौ सत्यां शृङ्गाररसमयः कृष्णः बभौ । स्वप्रियस्वरूपेणैकरसत्वं प्राप्य [1]बभावित्यर्थः। एतावता रूपद्वयं प्रदर्शितं ज्ञेयम् । तृतीयं निरूपयन्ति तत्साक्षिकं रूपमिति । तत्पदेन बुद्धिस्थं स्वामिनीभगवद्गतं रूपं परामृश्यते। तथा च पूर्वोक्तं रूपद्वयं तत्साक्षिकं मध्यस्थं चापरं रूपम्। एतद्रूपत्रितयात्मकं वल्लभं सदा ध्येयम्। एतदेव रूपत्रयं श्रीवल्लभाष्टकादौ सूचितम्। तत्र 'वस्तुतः कृष्ण एवे'त्यादिना पुंरूपत्वम्, । 'रासस्त्रीभावपूरितविग्रहः' 'प्रियागोपीभर्त्तुरि'त्यादौ स्त्रीरूपत्वम् । 'राधावल्लभसेवया तदुचितप्रेम्णोपदेशैरि'त्येवमादौ साक्षिकत्वं चेति। अत्र निजहृद्गतमितिपदेन स्वासाधारणधर्मरूपत्वं सौन्दर्यं

---

१. 'आविर्भावितवानित्यर्थे' इतिपाठ. ।

सूचितम् । स्त्रीगूढभावात्मकमिति । स्त्रीणां व्रजरत्नात्मिकानां गूढो यो भावः स्त्रीत्वरूपस्तदात्मकत्वं गूढत्वं तादृशभावस्यान्यत्राप्रसिद्धत्वेन । पुंरूपमिति पुंस्त्वरूपमित्यर्थः । पुमान् रूप्यते ज्ञाप्यतेऽनेनेति व्युत्पत्त्या वा । पुंस्त्वाख्यधर्मस्याभेदेन सौन्दर्येऽन्वय[२] इत्युक्तमेव । तदन्तरगतमिति । तत्पदेन स्वामिन्यभिधानं स्त्रीपदसान्निध्यात्परोक्षवादबोधनाय च तथाकथनम् । प्राविविशदिति विशतेर्णिजन्तस्य लुङिरूपम् । स्वप्रिय इतिकथनाद्वल्लभ इति नाम्नो भगवत्प्रियत्वमेव । प्रवृत्तिनिमित्तमित्युक्तं संश्लिष्टाविति । श्लिषेरालिङ्गनार्थकस्य भावार्थकक्तिन्प्रत्यये रूपम् । तथा च नात्र तूष्णीं संयोगमात्रं विवक्षितम्, किन्तु तत्तद्रससामायिकतत्तल्लीलानुकूलतया रसानुभवो विवक्षित इत्युक्तं भवति । तत्रापि तत्तत्क्रीडोपयोगितत्तत्सामग्रीविशिष्ट एव, स तथेति समुपसर्गार्थः । अत एव बभौ रसमयः कृष्ण इति । एतावता 'नमामि हृदये शेषे लीलाक्षीराब्धिशायिनम् । लक्ष्मीसहस्रलीलाभिः सेव्यमानं कलानिधि'मितिश्लोकोक्तः प्रकारः सर्वोऽपि सूचितो ज्ञेयः।तत्साक्षिकमिति।एतेन जीवात्मसम्बन्धिज्ञानेच्छाकृतीनां तत्कर्तृकभो-

---

२. तदभिन्नाभिन्नस्य तदभिन्नत्वमितिन्यायात् । प्रकृते च तत्पदेन सौन्दर्यम् । तदभिन्नो धर्मी धर्मधार्मिणोरभेदात्, तदभिन्नं पुंस्त्वं तस्य सौन्दर्याभेद इतिभावः ।

गस्य च न्तर्याम्यधीनत्वं तत्साक्षिकत्वम् च यथा तथा भगवल्ली-लानां रसभोगस्य च श्रीस्वामिन्यधीनत्वं तत्साक्षिकत्वं चेति सूचितम्। 'एते देवाः साक्षिण' इति वेणुगीतसुबोधिनीविवरणे टिप्पण्यां साक्षिपदार्थो विवृत इति ततो ज्ञेयमधिकजिज्ञासायाम्। ध्येयमिति यत्पर येन ध्यानस्यैतद्रसादित्सून्मावश्यकत्वमुक्तम्। सदेति कर्मणीव नात्र कालनियम इति सूचितम्। ध्येयमित्यनेन यद्रूपमत्र दर्शितं तन्न प्रकाशनीयं सर्वत्र, किन्तु ध्येयमेवान्तरङ्गभक्तैरिति सूचितम्। वल्लभमिति तृतीयलिङ्गनिर्देशो रूपाभिप्रायेणेति ज्ञेयमिति सर्वं रमणीयम्।

इति श्रीहरिरायाणां कृपाबलमुपाश्रितः।

श्रीकृष्णवल्लभं रूपं व्याकृणोद्गोकुलोत्सवः ॥१॥

इति गोस्वामिश्रीगोकुलोत्सवकृतं 'सौन्दर्यं निजहृद्गत'-मितिपद्यस्य विवरणं सम्पूर्णम् ॥

श्रीकृष्णाय नमः

श्रीगोपीजनवल्लभाय नमः।

श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः।

प्राचीहरगोपालकृतव्याख्यानसमेतम्

'सौन्दर्य' पद्यम्।

श्रीमत्प्रभुचरणाः स्वीयानां ध्येयं श्रीमद्वल्लभाचार्यस्वरूपं निरूपयिष्यन्तस्तत्र प्रथमं 'रसो वै सः' इति 'सर्वकाम' इत्यादिश्रुतिनिरूपितरसस्वरूपभगवतो रसरूपत्वं यथा तथा निरूपयन्ति 'सौन्दर्य'मिति श्लोकेन।

मूलम्

सौन्दर्यं निजहृद्गतं प्रकटितं स्त्रीगूढभावात्मकं
पुम्रूपं च पुनस्तदन्तरगतं प्रावीविशत्स्वप्रिये।
सँश्लिष्टावुभयोर्बभौ रसमयः कृष्णो हि तत्साक्षिकं
रूपं तत्त्रितयात्मकं परमभिध्येयं सदा वल्लभम्॥ १॥

विवरणम्

यतो रसरूपत्वनिरूपणपूर्वकमेव रसमयत्वनिरूपणसम्भवः। सौन्दर्यं निजहृद्गतं प्रकटितमिति। श्रीगोकुलादौ नित्यलीला-

सत्त्वेपि सर्वे मां पश्यन्त्वितीच्छायां भगवता निजहृद्गतं सौन्दर्यं प्रथममेव व्रजे बहिः प्रकटितम्। तत्स्वरूपमाहुः—स्त्रीगूढभावात्मकमिति। भगवतः स्त्रीविषयको यो गूढभावस्तदात्मकम्। अग्रे पुम्रूपं च तदन्तरगतमिति, मितिकथनादि द्वितीयं रूपमर्थसिद्धम्। द्वितीयस्वरूपप्राकट्यमाहुः—पुम्रूपं च तदन्तरगतमिति च; पुनस्तदनन्तरं तस्य बहिः प्रकटितसौन्दर्यस्य हृद्गतं पुम्रूपं सौन्दर्यं परमशोभनसमये व्रजे बहिः प्रकटितम्। तत्स्वरूपमाहुः—स्त्रीगूढभावात्मकमिति। स्त्रीणां भगवद्विषयको यो गूढभावस्तदात्मकम्। बहिः प्रकटितस्वरूपद्वयस्यानिर्वचनीयशोभावत्त्वात् सौन्दर्यशब्देन तद्द्वयमुक्तम्। बहिःप्रकटितसौन्दर्यद्वयस्य पुनः परस्परं स्वस्वप्रिये स्वरूपे प्रवेशमाहुः—पुनः प्राविविशत्स्वप्रिय इति। पूर्वं स्वस्वहृदयाद्बहिः प्रकटितं भावरूपं सौन्दर्यद्वयं पुनः परस्परं स्वस्वप्रिये स्वरूपे भावात्मकं भगवान्प्राविविशत्प्रवेशं कारितवान्।

अत एव श्रीहरिरायमहाराजकृतपदे 'भावरूपको भावरूप' इत्युक्तं तैः। उभयत्र तस्य स्थायिभावरूपत्वात्स्वस्वस्थानात्कदापि नैव चलति। एवमन्तःस्थितभावरूपस्वरूपेणोभयोः स्वरूपयोर्वैशिष्ट्ये सति यन्निष्पन्नं तदाहुः—सॅश्लिष्टावुभयोर्बभौ रसमयः कृष्णो हीति। उभयोर्बहिःस्थितभावरूपयोरन्तःस्थितभावात्मकस्वरूपेण सॅश्लिष्टौ सत्यां वैशिष्ट्ये सति रसमयः शृङ्गाररसरूपः कृष्णो बभौ। हीति प्रमाणप्रसिद्धिः।

एकमेव रूपं द्विधा भूतमिति रसमयकृष्णशब्दवाच्यत्वमुभयत्रापि समानम्। श्रीपुरुषोत्तममहाराजकृतभावरूपकृष्णाश्रयव्याख्यामे 'अभेदवादानुरोधेन रसस्वरूपविचारे रसावलम्बनं द्वयाभिन्नरसात्मा स्वयं भवति'। उपबृंहितं चेदं ब्रह्मवैवर्तीयश्रीकृष्णजन्मखण्डे गर्गवाक्येषु 'वर्द्धते सा व्रजे राधा शुक्ले चन्द्रकला यथा। श्रीकृष्णतेजसोर्द्धेन सा च मूर्तिमती सती' 'एका मूर्तिद्विधा भूताऽभेदो वेदे निरूपितः। इयं स्त्री वा पुमान्किं वा सा वा कान्ता पुमानय'मिति। एवं रसप्रचुरं भगवत्स्वरूपं निरूप्याग्रे श्रीमद्वल्लभवरस्वरूपं स्वकीयानां ध्यानार्थं निरूपयन्ति—तत्सात्त्विकरूपमित्यादिना। यत्तयोर्बहिः—स्थितयोः स्वरूपयोः सात्त्विकं हृदि स्थितं भावरूपं सर्वत्र तन्मुखरूपेण निरूपणात्तद्रूपमत एव प्रभोर्वल्लभं रूपं तात्त्रितयात्मकं सदा कालापरिच्छेदेनाभिध्येयं सर्वभावेन चिन्त्यम्। तन्मुखरूपत्वात्सर्वभक्तानामतीव वल्लभम्। अत एव नामापि तदेवास्ति। नखशिखपर्यन्तस्वरूपरसरूपत्वेपि मुखगतो रसः कश्चिद्विलक्षण एव। तद्रूपं पुनः कीदृक्? परमिति। यदपेक्षयान्यदपरं संयोगात्मस्वरूपात् परमित्यर्थः। त्रितयात्मकमिति बहिःस्थितभावरूपस्वरूपद्वयरूपम्। तदन्तःस्थितं भावरूपं च। सर्वेषां वल्लभत्वात्तत्प्रकटितमार्गाङ्गीकृतैः सदा स्वसर्वस्वतया ध्येयम्।

यथा जीवानां सर्वा प्रवृत्तिस्तद्भावश्च साक्ष्यधीनस्तथा श्रीगोकुलनाथवृन्दावनचन्द्रप्रभोः सर्वापि लीलाकृतिः श्रीमद्वल्लभवराधीना । सर्वोत्तमे 'श्रीकृष्णास्य'मिति, 'रासस्त्रीभावपूरितविग्रह' इति । श्रीवल्लभाष्टके 'वस्तुतः कृष्ण एवे'ति । श्रीपुरुषोत्तमचरणकृतकृष्णाश्रयव्याख्याने 'तथा सत्याचार्याणामपि वैश्वानराद्रावतारैः' 'वस्तुतः कृष्ण एवे'-त्यादिवाक्यविचारे पूर्वोक्तश्रीगोकुलसुखानन्दनिजानन्दमुख-मात्मकं च सिद्धमतीन्द्रियत्वम् । भावरूपस्यापि सुखानन्दस्य 'सर्वतः पाणिपादान्त'मिति श्रीभगवद्गीतावाक्यादानन्दमात्र-करपादमुखोदरादिमत्त्वम् । सर्वांशैर्भावात्मस्वरूपप्रवेशे स्व-रूपयोग्यतापेक्षावश्यकी । यथा काष्ठाद्वह्निप्राकट्येपि काष्ठन्तु काष्ठमेव, पुनस्तत्र तस्य सम्यक्प्रवेशे वह्नित्वं स्यात्तथा भक्तहृदयाद्बहिः प्रकटेपि भगवति, तद्देहो यथा पूर्वमेव । पश्चात्स एव भगवान्विरहदशायां परमानन्दरूपतया क्लेशैर्यथा यथा हृदि प्रविशेत्तथा तथाऽऽमघटपाकवत्कालेनालौकिकदेह-रूपयोग्यतायां सर्वांशैः प्रविशेत् । अत्र त्वानन्दमात्रकरादिमत्त्वं रसरूपत्वं च सर्वं सिद्धमेव । तत्र प्रवेशे कुतो विलम्बः ।

इति श्रीमन्महतां दासानुदासबालबुद्धिसाचीहर—(साचोरा) गोपालकृतं 'सौन्दर्य'मित्यस्य व्याख्यानं सम्पूर्णम् ॥

✻ "परिशिष्टम्"

श्रीगोकुलोत्सवकृतं प्रथमं विवरणम् ।

अतिकृपया निगूढमपि श्रीमदाचार्यरूपं ध्यानार्थं प्रकाशयन्ति सौन्दर्यमिति। अत्र प्रावीविशदिति क्रियानिरूपितमुख्यप्रयोगकर्तृत्वं कृष्णस्यास्ति, इति कृष्णरूपमेव प्रकृतत्वाद्भक्तबुद्धिस्थमिति निजपदेन कृष्णरूपं ग्राह्यम। तथा च निजहृद्गतं कृष्णहृद्गतं यत्सौन्दर्यं, अर्थान्मुख्यस्वामिनीरूपसौन्दर्यं सर्वसौन्दर्ययुक्तस्वामिनीरूपमिति यावत्। स्वामिनीरूपस्य भगवद्भावात्मकत्वाद्भगवद्धृद्गतत्वम्। भावत्वं च श्रीहरिरायचरणैः स्फुटमुक्तं 'यथा हि सर्वभावात्मा कृष्णः सा चापि तादृशी'ति। मुख्यस्वामिन्या अन्यासां स सर्वासां भावात्मा भगवान् यथास्ति तथा सापि मुख्यस्वामिन्यापि तादृशी सर्वभावात्मेत्यर्थः। अत्र सर्वपदेन भगवान् लीलास्थभक्ताश्च ज्ञेयाः। तद्भावात्मत्वं

✻लेखोयं श्रीगोकुलोत्सवनाम्ना प्रसिद्धोऽस्मन्महाराजश्रीजीवनेशपुस्तकालयस्थप्रतिफलकेऽभिनवो दृश्यते, अन्तिमं च श्रीगोकुलोत्सवप्रणीतविवरणे एतदेव रूपत्रयं श्रीवल्लभाष्टकादौ सूचितमित्यग्रे समाप्तिपर्यन्तं समानमिति ततोऽवगन्तव्यम् ।

स्वामिन्या अपि रसरूपत्वं स्फुटं ज्ञापयितुमावश्यकम्। तथा च निजहृद्गतं सौन्दर्यमित्यस्य भगवद्धृदयस्थायिभावात्मकं स्वामिनीस्वरूपमिति व्याख्यानं स्फुटम्। मूले त्वतिगोप्यत्वज्ञापनाय स्वामिनीरूपं न स्फुटमभिहितम्। एवञ्च कृष्णो निजहृद्गतं सौन्दर्यं प्रकटितं प्रादुर्भावितं स्वप्रिये कृष्णप्रिये प्रावीविशत्प्रवेशितवानिति सम्बन्धः। प्रकटितमित्यस्य 'लोहितोष्णीषा ऋत्विजः प्रचरन्ती'तिवद्विधेयविशेषणत्वात्तादृशं रूपं प्रकटितं कृत्वा प्रवेशितवानित्यर्थाल्लभ्यते। भगवतोतिप्रेमास्पदत्वात्प्रियत्वरूपेणैव लीलायां तद्रूपस्य प्रसिद्धिः, न तु नामान्तरेणेति प्रियपदोक्त्या ज्ञापितम्। अत एव तत्र निजहृदयगतस्वरूपप्रवेशनोद्यमो भगवत इति भावः। किञ्च, यथा स्वप्रिये निजहृदयस्थस्थायिभावस्वामिनीरूपं प्रवेशितवाँस्तथा व्रजस्त्रीहृदयस्थायिभावात्मकं स्वकीयं पुरुषरूपं च स्वप्रिये प्रवेशितवानिति निरूपयन्ति स्त्रीगूढभावात्मकमिति। स्त्रीणां व्रजस्त्रीणां हृदयगतो गूढो यो भावः शृङ्गारस्थायिरूपस्तदात्मकमत एव तदन्तरगतं व्रजस्त्रीणां यदन्तरं हृदयं तत्र गतं गुप्तमित्यर्थः। तादृशं यत् स्वकीयं पुम्रूपं तदपि स्वप्रिये प्रावीविशत्प्रवेशितवान्। ततः किमत आहुः—सँश्लिष्टाविति। उभयोर्भगवद्धृदयभक्तहृदयस्थितयोः स्त्रीपुम्भगवद्रूपयोरेकत्र स्वप्रि-

यद्रूपाधारे सँश्लिष्टा सत्यां संयोगे सति बभौ। संयोगः शृङ्गारात्माऽऽलम्बनविभावादिसहितः कृष्णो बभौ, अधिकशोभां प्राप्तवान्। तदुक्तं 'व्यरोचिताधिकं तात पुरुषः शक्तिभिर्यथे'ति। एवं रूपद्वयस्य प्रिये प्रवेशमुक्त्वेदानीं परस्परस्य भावरूपयोरधिकरणभूते प्रियस्वरूपे विशेषं कञ्चनं बोधयितुमाहुः—तत्साक्षिकं रूपमिति। इदं रूपद्वयाधारत्वेन निरूपितं-यत्प्रियरूपं तत्साक्षिकमपि रूपद्वयलीलासाक्षिकमपि त्रितयात्मकमेव भगवतो वल्लभं प्रियं रूपं ध्येयमिति सम्बन्धः। स्वामिनीरूपं भगवतो रूपं तत्प्रियं रूपं चेति त्रितयात्मकमेव ध्येयं भक्तैरितिशेषः।

श्रीकृष्णाय नमः
श्रीगोपीजनवल्लभाय नमः ॥
श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः

श्रीमत्प्रभुचरणविरचित श्रीमदाचार्यचरणस्वरूप-निरूपक सौन्दर्यपद्यनो श्रीगोकुलोत्सवविरचित टीकानुसार गुर्जरानुवाद.

सौन्दर्यं निजहृद्गतं प्रकटितं स्त्रीगूढभावात्मकं
पुम्रूपं च पुनस्तदन्तरगतं प्रावीविशत्स्वप्रिये ।
संश्लिष्टावुभयोर्बभौ रसमयः कृष्णो हि तत्साक्षिकं
रूपं तत्त्रितयात्मकं परमभिध्येयं सदा वल्लभम् ॥

*अन्वय—(स्त्रीगूढभावात्मकं) સ્ત્રીભાવરૂપી ગૂઢભાવાત્મક (सौन्दर्यं) સૌન્દર્ય (च) અને (पुंरूपं) પુંભાવરૂપી (सौन्दर्यं) સૌન્દર્ય (निजहृद्गतं) નિજ શ્રીઠાકુરજીના હૃદયમાં (બિરાજે છે) તેમાંથી સ્ત્રીભાવસાન્દર્ય (प्रकटितं) પ્રકટ કર્યું. (पुनः) ફરીને (तदन्तरगतं) શ્રીસ્વામિનીજીના હૃદયમાં (सौन्दर्य) પુમ્ભાવ-સૌન્દર્ય (प्रकटितं) પ્રકટ કર્યું. (स्वप्रिये) શ્રીવલ્લભમાં (प्रावीविशत्)

*આ અન્વય શ્રીગોકુલોત્સવજીએ ટીકામાં જે અન્વય કર્યા છે તેને આધારે કર્યા છે. (પૃષ્ઠ ૯માં જુઓ.)

પ્રવેશ કરાવ્યું. (પ્રવેશ કરાવ્યા પછી) (**उभयोः**) સ્ત્રીપુમ્ભાવનો (**संश्लिष्टौ**) સંયોગ થવાથી (**रसमयः**) શૃંગારરસમય (**कृष्णः**) સદાનન્દ (**हि**) નિશ્ચયે (**बभौ**) શોભ્યા. (**तत्साक्षिकं**) પૂર્વોક્ત રૂપદ્વયના મધ્યસ્થ સ્વરૂપ, (**तत्त्रितयात्मकं**) પુમ્ભાવ સ્ત્રીભાવ અને સાક્ષિક આ ત્રણ રૂપમય (**परं**) સર્વથી ઉત્કૃષ્ટ (**वल्लभं रूप**) શ્રીમહાચાર્યચરણસ્વરૂપનું (**सदा**) નિરન્તર (**ध्येयं**) ધ્યાન કરવું.

भावार्थ—(સ્ત્રીભાવરૂપી ગૂઢભાવાત્મક સૌન્દર્ય અને પુમ્ભાવ રૂપી સૌન્દર્ય) શ્રીઠાકુરજીના હૃદયમાં બિરાજે છે; તેમાંથી સ્ત્રીભાવાત્મક સૌન્દર્ય પ્રકટ કર્યું. શ્રીસ્વામિનીના હૃદયમાં સ્ત્રીભાવ અને પુમ્ભાવરૂપી સૌન્દર્ય બિરાજે છે તેમાંથી પુમ્ભાવ સૌન્દર્ય પ્રકટ કર્યું. આ (બન્ને પ્રકારનું સૌન્દર્ય) શ્રીવલ્લભમાં (શ્રીકૃષ્ણે) પ્રવેશ કરાવ્યું. (પ્રવેશ કરાવ્યા પછી) સ્ત્રીપુમ્ભાવનો સંયોગ થવાથી શૃંગારરસમય કૃષ્ણ શોભ્યા. આ રૂપદ્વયના સાક્ષિરૂપ તેમ જ સ્ત્રીપુમ્ભાવાત્મક એમ ત્રણરૂપ સર્વથી ઉત્તમ શ્રીમહાચાર્યચરણસ્વરૂપનું નિરંતર ધ્યાન કરવું.

(**विवेचन.**)

उद्देश—શ્રીપ્રભુચરણ પોતાના ભક્તોને માટે શ્રીમહાચાર્યચરણના સ્વરૂપનું ધ્યાન કરવાનો ઉપદેશ આપે છે. આપણે સ્વરૂપ ન સમજીએ તો સ્વરૂપધ્યાન ન કરી શકીએ, તેથી '**सौन्दर्य**' શ્લોકથી સ્વરૂપ દર્શાવ્યું. શ્રીમહાચાર્યચરણના સ્વરૂપનું વર્ણન આ જ પ્રકારે શ્રીવલ્લભાષ્ટક વિગેરેમાં દર્શાવ્યું છે. તથાપિ જીવદોષથી વખતે ન સમજાય, આ દોષ દૂર કરવાની ખાતર કે અનહદ દયાની ખાતર આ સ્વરૂપનું ભાન કરાવ્યું.

उपोद्घात—સાક્ષાત્ પુષ્ટિરસામૃત મેલવવાની ઇચ્છાવાલા શ્રીગોપીજનોના યૂથને પોતાના લાવણ્યામૃતને આપવાની ઇચ્છાથી; જેનું વર્ણન પણ ન થઈ શકે એવા આનન્દરસમય શ્રીકૃષ્ણ પ્રકટ થયા. આ વાત નિબન્ધમાં પણ લખી છે.

[1]કદાચિત્ સર્વોત્કૃષ્ટ મારામાં રહેલું પરમ સૌન્દર્ય પ્રકટ કરીશ. એ હેતુથી સાકાર—આનન્દાકાર—સૌન્દર્ય પ્રકટ થયું, એજ શ્રીકૃષ્ણ. આ ભગવાન્માં પુમ્ભાવ અને સ્રીભાવ એ બે ભાવ રહ્યા છે. શ્રીસ્વામિનીજીમાં પણ બન્ને ભાવ છે. શ્રી-હારરાયપ્રભુ પણ આજ્ઞા કરે છે કે, જેમ સર્વભાવાત્મા શ્રીકૃષ્ણચન્દ્ર છે તેમ શ્રીસ્વામિનીજી પણ [2]સર્વભાવાત્મક છે, હવે અત્ર જો શ્રીઠાકુરજીમાં અને શ્રીસ્વામિનીજીમાં રહેલા સ્રીપુમ્ભાવનું સ્થાયિત્વ થાય તો સંયોગરસ સમયે બે પુમ્ભાવ અને બે સ્રીભાવ જણાતાં રસાભાસ થઈ જાય, માટે સંયોગ સમયે ભગવાન્માંથી અને સ્વામિનીજીમાંથી જે એકએક ભાવ જુદો પડ્યો તે શ્રીમદાચાર્યસ્વરૂપે થયા.

शंका—અત્ર ભાવ તો ધર્મરૂપ હોવાથી મૂર્તિમાન્ ન હોય, અને ભાવ અમૂર્ત રહે તો ભક્તજનો **ભાવ મૂર્ત કે અમૂર્ત?** ઇચ્છે છે તેવા સાકારસ્વરૂપની સિદ્ધિ કેમ થાય? જ્યાં સુધી સાકારસ્વરૂપની સિદ્ધિ ન થાય ત્યાં સુધી ધ્યાન થઈ શકે જ નહિ.

---

१ तदेव कदाचित् 'परमसौन्दर्यं स्वगतं प्रकटीकरिष्यामी'तिसाकारं प्रादुर्भूतं सत् श्रीकृष्णः । त. नि. भा. प्र. प्र. स्कं. १ श्लो. प्रकाशः ।

२ यथा हि सर्वभावात्मा कृष्णः सा चापि तादृशी ।

સમાધાન—અહિઆં આ પ્રમાણે વિચાર કરવો. ભગવાનના ધર્મો ભગવાન્‌માં લૌકિક જેવા પ્રતીત થાય તો **ભાવ મૂર્ત છે.** પણ લોકથી વિલક્ષણ છે, નિત્ય છે, ભગવાનના સ્વરૂપથી અભિન્ન છે, (જુદા નથી.) આવા ગુણોનો વિચાર લૌકિક ન્યાયથી ન કરી શકીએ, જો લૌકિક-દૃષ્ટાન્તથી વિચાર કરીએ તો ઉલટું ભાન થાય. ભાવ (ભગવદ્-ધર્મ) મૂર્તિમાન નથી, એવો ભાસ થઈ જાય. (એનો વિચાર આપ્તવાક્યથી જ થાય.) ગીતાજીમાં બ્રહ્મનું સ્વરૂપવર્ણન કરતાં કહ્યું છે કે–૨ચક્ષુવિગેરે સર્વ ઈન્દ્રિયના ગુણોમાં રૂપ વિગેરેથી શોભતું તથાપિ જેને પ્રાકૃત ઇન્દ્રિય નથી એવું બ્રહ્મ છે, લોકમાં પણ જે કંઈ સૌન્દર્યાદિક છે તે પણ ભગવાનના સંબંધથી જ છે.

સર્વ ચક્ષુઃ વાગ્ વિગેરે ઇન્દ્રિય અને ઈન્દ્રિયોથી ગ્રહણ થતા ગુણો અલૌકિકમાં છે, તેવા જ પ્રકારે પોતે બ્રહ્મ જ શુદ્ધ ભાસે છે, અર્થાત્ બ્રહ્મ જ કર્મેન્દ્રિય રૂપે પ્રકાશે છે. માટે ભગવાન્ સંબન્ધીજ્ઞાનાદિધર્મો પણ સચ્ચિદાનન્દરૂપ હોવાથી આનન્દમય હસ્ત પાદ મુખ-ઉદરવાળું બ્રહ્મ છે, એમ સિદ્ધ થાય છે. સર્વ તરફ ૧હસ્તપાદવાળું, સર્વ તરફ ચક્ષુઃ મસ્તક મુખવાળું બ્રહ્મ જ છે. (અર્થાત્ આનન્દ એ આકારને આપનાર છે, ભગવાનના હસ્તપગ વિગેરે સર્વ આનન્દરૂપ છે. શર્કરાની પુત્તળી

---

૨ सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम् । गी. अ. १३ श्लो. १४

१. 'सर्वतः पाणिपादान्तं सर्वतोऽक्षिशिरोमुखम्' गी. अ. १३ श्लो. १३. त. नि. शा. प्र. श्लो. २५.

માફક સર્વત્ર આનન્દઘન છે, ભગવાન્ અને ભગવદ્ધર્મો એક જ હોવાથી ભગવદ્ધર્મો પણ ભગવનની માફક આનન્દઘન રસપ્રચુર અને સાકાર છે.) માટે લોકમાં જો કે ભગવદ્ધર્મોનું મૂર્તિમત્વ પ્રસિદ્ધ નથી તોપણ આ પ્રસંગમાં જે ધર્મોનું વર્ણન છે તે ધર્મો સાકાર છે એમ વેદ કહે છે. શ્રુતિસિદ્ધ છે, અને તેથી શ્રીગદાચાર્યચરણનું શ્રીમત્પ્રભુચરણે સ્ત્રીપુમ્ભાવાત્મક સ્વરૂપ ઉપદેશ્યું તે બહુ જ સારૂં કર્યું છે.

ભાવમૂર્ત છે તેમાં વેદનું દૃષ્ટાન્ત.

લોકમાં વેદ શબ્દાત્મક હોવાથી વેદને અમૂર્ત માને, તથાપિ ખરી રીતે વેદ મૂર્તિમાન્ છે. [2]'જેમ સ્વર્ગમાં મૂર્તિવાળા વેદો છે' આ વાક્યના પ્રમાણથી શબ્દ બ્રહ્માત્મક વેદ મૂર્તિમાન્ છે. એવું સ્પષ્ટથાય છે. તેવી રીતે ભગવદ્ધર્મ પણ મૂર્તિમાન્ છે, સાકાર છે શ્રીમત્પ્રભુચરણે આ વિષય ટિપ્પણીમાં અને તૃતીયાધ્યાય ભાષ્યમાં વર્ણવ્યો છે; વિશેષ જિજ્ઞાસાની ત્યાંથી તૃપ્તિ કરી લેવી.

અનુભવકર્તૃ સ્વરૂપની અપેક્ષા છે.

હવે આપણે ચાલતા પ્રસંગ ઉપર આવીએ. આ સર્વભાવાત્મક શ્રીસ્વામિનીજી અને શ્રી ભગવત્સ્વરૂપને (સ્વલીલાનું) અનુભવ કરનાર એક સ્વરૂપની અપેક્ષા છે. અનુભવ કરનાર વિના રસમાં ચમત્કાર ન આવે, આ અનુભવ કરનારૂં જે તૃતીય શ્રીવલ્લભસ્વરૂપ હતું,

---

૨. 'वेदा यथा मुर्त्तिधरास्त्रिपृष्ठे श्री. म. भा. अ. १९ श्लोक १३.

તેને જ આપણે સાક્ષિક સ્વરૂપ કહીએ છીએ. આ સાક્ષિસ્વરૂપ પુરુષોત્તમ સ્વરૂપથી જુદું નથી. સાક્ષાત્ પુરુષોત્તમ જ છે. (જો કોઈ બીજું અનુભવકર્તૃ આવે તો રસાભાસ થઈ જાય. તેમજ '[1]હે પુરુષોત્તમ તમે આપના સ્વરૂપને આપથી જ જાણો છો.' આ ગીતાવાકયથી પણ નિશ્ચય થયો કે (રસપ્રચુર આનન્દઘન શૃંગારકલ્પદ્રુપ) ભગવત્સ્વરૂપનો અનુભવ બીજાને ન થતાં આપને જ પ્રિય-વલ્લભસ્વરૂપને જ થયો. આ તૃતીય સ્વરૂપ શ્રીપુરુષોત્તમથી અભિન્ન જ જાણવું. આ જ ત્રિતયાત્મક શ્રીમહાપ્રભુચરણના સ્વરૂપનું ધ્યાન કરવું.

શ્લોકના અન્વયાર્થ.

સ્ત્રીગૂઢભાવાત્મક સૌન્દર્ય અને પુમ્ભાવરૂપી સૌન્દર્ય ભગવાનના હૃદયમાં બિરાજે છે તે; તેમજ તે સ્ત્રીપુમ્ભાવાત્મક બન્ને પ્રકારનું સૌન્દર્ય શ્રીસ્વામીનીજીના હૃદયમાં બિરાજે છે તે; બન્ને સ્થલનું બન્ને પ્રકારનું સ્ત્રીભાવાત્મક અને પુમ્ભાવાત્મક સૌન્દર્ય શ્રીવલ્લભમાં શ્રીકૃષ્ણે પ્રવેશાવ્યું. પ્રવેશ કરાવ્યા બાદ ઉભય સ્ત્રીપુમ્ભાવનો સંયોગ થતાં શૃંગારરસમય શ્રીકૃષ્ણ શોભ્યા. અર્થાત્ સ્વપ્રિય સ્વરૂપ સાથે એકરસ થઈ શોભ્યા. આટલે સુધી તો જાણે બે રૂપની વાત થઈ, હવે તૃતીય રૂપનો વિચાર કરીએ. જે પૂર્વે કહેવામાં આવ્યાં બે રૂપ એક શ્રીસ્વામિનીજીના હૃદયમાં અને બીજું શ્રીભગવાનના હૃદયમાં બિરાજતું સ્વરૂપ; આ

---

१ 'स्वयमेवात्मनात्मानं वेत्थ त्वं पुरुषोत्तम' श्रीगीता.

બન્ને સ્વરૂપના સાક્ષિરૂપ મધ્યસ્થ ત્રીજું રૂપ શ્રીવલ્લભસ્વરૂપ છે; તેનું હંમેશાં ધ્યાન કરવું.

ત્રણ સ્વરૂપનો વિચાર.

૧ આ ત્રણે સ્વરૂપ શ્રીવલ્લભાષ્ટક વિગેરેમાં વર્ણવ્યાં છે. **'वस्तुतः कृष्ण एव'** શ્રીવલ્લભાચાર્યચરણને કવિલોકો વૈશ્વાનર કહે છે પણ વસ્તુતસ્તુ સાક્ષાત્ કૃષ્ણ જ છે, આ વાક્યમાં પુમ્ભાવ દર્શાવ્યો છે.

૨ **'रासस्त्रीभावपूरितविग्रहः प्रियो गोपीभर्तुः'** રાસસ્ત્રી શ્રીગોપીજનોના ભાવથી જેમનું શ્રીઅંગ પૂરિત છે. અને શ્રીગોપીજનના ભર્ત્તા શ્રીકૃષ્ણચન્દ્રના શ્રીમદાચાર્યચરણ પ્રિય છે. આ વાક્યોમાં સ્ત્રીભાવ સ્પષ્ટ સમજાય છે.

૩ **'राधावल्लभसेवया तदुचितप्रेम्णोपदेशैरपि'** શ્રીરાધાવલ્લભની સેવાથી અને તેને યોગ્ય પ્રેમના ઉપદેશથી પણ શ્રીમદાચાર્યચરણ સમાન કોઈ થવાનું નથી અને થયું પણ નથી. આ વાક્યોથી સાક્ષિત્વ સિદ્ધ થયું. આ પ્રમાણે શ્રીમદાચાર્યચરણનું ત્રણસ્વરૂપપણું સિદ્ધ થયું.

શ્લોકના દરેકપદનું વિવેચન.

निजहृद्रतम्-પોતાના હૃદયમાં રહેલું અસાધારણધર્મરૂપી સૌન્દર્ય દર્શાવ્યું.

स्त्रीगूढभावात्मकम्-સ્ત્રીસ્વરૂપી જે ગૂઢભાવ છે તે ભાવયુક્ત એક સૌન્દર્ય છે. આ ભાવ લોકમાં પ્રસિદ્ધ નથી, તેથી તેને ગૂઢ કહ્યો છે.

पुम्रूपम्–જેનાથી પુરુષ ઓળખાવાય. જણાવાય, તે પુંર
પુંસ્ત્વ ધર્મ અને ધર્મીને અભેદ છે, તેથી પુંસ્ત્વરૂપી સૌન
એવો અર્થ થયો. ન્યાય છે કે, જુઓ સંસ્કૃત ટીકા) 'જે તન
ભેદ નહિ રહેલાથી જે અ ભિન્ન રહેતું હોય તેને પણ અ
એટલે ભેદ રહિત ગણવું. (તેનાથી) સૌન્દર્યથી (ભેદ વગર રહે
ધર્મિસ્વરૂપ તેનાથી (અભિન્ન રહેતું) જે પુંસ્ત્વ (તેને પણ) તેન
ભેદરહિત ગણવું. એટલે પુંસ્ત્વને પણ સૌન્દર્યથી અભિન્ન ગણ
ધર્મ અને ધર્મીનો સૂર્ય અને તેના પ્રકાશવત્ અભેદ ગણ્યો
માટે પુંસ્ત્વરૂપી સૌન્દર્ય એવા અન્વય આપણે કરી શ

तदन्तरगतम्—શ્રીસ્વામિનીજીના હૃદયમાં બિરાજતું સૌ
શ્રીસ્વામિનીજીનું સ્પષ્ટ નામ નહિ કહેવાનું કારણ પરોક્ષ
છે. (વેદાદિવચનો અને દેવો પરોક્ષપ્રિય છે.)

प्रावीविशत—'**विश्**' ધાતુને **णिच्** પ્રેરક વાચક પ્ર
લગાડી **लुङ्**માં આ રૂપ થાય છે.

स्वप्रिये—શ્રીવલ્લભ નામ ભગવાનને પ્રિય જ છે.

संश्लिष्टौ—પ્રવૃત્તિનિમિત્ત આ ક્રિયા છે. '**श्लिष्**'
આલિંગન અર્થમાં છે. તેને ભાવાર્થક '**क्तिन्**' પ્રત્યય લ
આ રૂપ થયું. અર્થાત્ અહિંઆ કેવલ ગૂપચૂપ સંયોગ મા
થયો એટલું જ વક્તવ્ય નથી; પણ તે તે રસ સમયની
તે લીલાનો અનુકૂલતાએ અનુભવ કર્યો; એમ સૂચ
લીલોપયોગિની તે તે સામગ્રીસહિત જ તે સંશ્લેષ થયો
'**सम्**' ઉપસર્ગ ઉપરથી સમજ્યા.

बभौ रसमयः कृष्णः—રસપ્રચુર શ્રીકૃષ્ણ શોભ્યા. અર્થાત્ **नमामि हृदये शेषे लीलाक्षीराब्धिशायिनम्। लक्ष्मीसहस्र-लीलाभिः सेव्यमानं कलानिधिम्**, હૃદયરૂપી શેષમાં લીલારૂપી ક્ષીરસમુદ્રમાં શયન કરતા સહસ્રલક્ષ્મીરૂપી લીલાથી સેવાતા કલાનિધિ પ્રભુની સર્વલીલાનો પ્રકાર અત્ર વર્ણવ્યો.

तत्साक्षिकम्—જેમ જીવાત્મા સંબંધી જ્ઞાન ઇચ્છા કૃતિ વિગેરે અને જીવ જે ભોગ કરે છે તે ભોગ પણ જેમ અન્તર્યામીને અધીન છે; તેમ ભગવલ્લીલા અને રસભોગ પણ ભગવલ્લીલાના સાક્ષી શ્રીમદાચાર્યચરણને અધીન છે. શ્રીવેણુગીત સુબોધિનીજીના **'एते ह्येषाः साक्षिणः'** એ સ્થલે ટિપ્પણીજીમાં સાક્ષિપદાર્થનું વિવરણ કર્યું છે. તો અધિક જીજ્ઞાસાએ ત્યાંથી જાણી લેવું.

ध्येयम्—આ આવશ્યક **यत्** પ્રત્યયથી નિશ્ચય થયો કે ભગવલ્લીલારસાનુભવની ઇચ્છાવાલા ભક્તો એ અવશ્ય શ્રીમદાચાર્યચરણના સ્વરૂપનું ધ્યાન કરવું.

सदा—હમેશાં ધ્યાન કરવું. અત્ર કર્મમાર્ગની માફક કાલનો નિયમ નથી. અહર્નિશ ધ્યાન કરવું.

वल्लभम्—ભગવાનને અતિપ્રિય શ્રીવલ્લભના સ્વરૂપનું ધ્યાન કરવું. આ પ્રમાણે બહુ જ સુન્દર અર્થ થયો.

इति श्रीहरिरायाणां कृपाबलमुपाश्रितः।
श्रीकृष्णवल्लभं रूपं व्यावृणोद्गोकुलोत्सवः ॥ १ ॥

શ્રીહરિરાયચરણના કૃપાબલના આશ્રિત શ્રીગોકુલોત્સવજી મહારાજે શ્રીકૃષ્ણને બહુ જ પ્રિય શ્રીમદાચાર્યચરણના સ્વરૂપનું વર્ણન કર્યું.

શ્રીગોકુલોત્સવવિરચિત વિવરણાનુવાદ
સંપૂર્ણ.

ઉદ્દાહાર.

શ્રીમહાચાર્યચરણ સંન્યસ્ત લેઈ કાશી પધાર્યા, ત્યાં શ્રી–ગોપીનાથજી શ્રીગુંસાઈજી સહકુટુંબ સસેવક દર્શનાર્થે પધાર્યા. દણ્ડવત્ કરી વિનતિ કરી કે અમારૂં શું કર્તવ્ય ?

શ્રીમહાચાર્યચરણે સાર્ધત્રયશ્લોકમાં જ સ્વપુત્રોને શિક્ષા કહી. અપૂર્વ શિક્ષારત્નો અર્પ્યાં. સ્વવંશમાં આ ચાર બહિર્મુખતાનાં લક્ષણો પ્રવેશ ન કરે અને આ ઉપદેશ તદ્દ્વારા સેવકોમાં પ્રસરે એ હેતુથી આ સાર્ધત્રયશ્લોકી ઉપદેશી અને પ્રભુએ તેમાં પ્રકટ થઇ સાક્ષી પુરી.

(૧) **બહિર્મુખતા થવામાં મુખ્ય ચાર કારણો છે, અન્યાશ્રય, અસમર્પિતવસ્તુભોગ, અસદાલાપ, દુઃસંગ.** આ ચારથી અવશ્ય સાવધાન રહેવું, જો આ ચાર પૈકી એક પણ થઈ જાય તો બહિર્મુખ થઈ જવાય. બહિર્મુખે કરેલી સેવા પ્રભુ ન જ સ્વીકારે. એટલેથી પણ ન અટકે, બહિર્મુખનું કાલપ્રવાહ ભક્ષણ કરી જાય, માટે આ ચારથી દૂર રહેવું. પ્રભુસન્મુખ હંમેશાં રહેવું. આ એક શિક્ષા થઈ. (૨) પ્રભુમાં લૌકિકભાવ ન કરવો (૩) પ્રભુમાં અસ્મદ્ભાવિત અલૌકિક ભાવ જ રાખવો, ત જ ભાવ પ્રભુપ્રસન્ન કરવામાં ઉપયુક્ત છે. (૪) સર્વથા સર્વભાવથી સેવા કરવી. આ ચાર શિક્ષા સાર્ધત્રયશ્લોકીથી ઉપદેશી. પ્રભુએ તેજ સમયે પ્રકટ થઈ દોઢ શ્લોક ઉપદેશ્યો. આ દોઢ શ્લોકમાં પુષ્ટિમાર્ગીય સ્વરૂપ આંકયું. પ્રહ્માસ્રચાતકન્યાયે જો શ્રીગોપીજનવલ્લભમાં **વિશ્વાસ** હોય તો જરૂર કૃતાર્થ કરી દે. વિશ્વાસ જ મુખ્ય સાધન છે. જો સાધનબલ ત્યજી વિશ્વાસનું જ અવલંબન કરે તો શરણાદિથી આરંભી સ્વાશ્રયદાનપર્યન્ત સર્વ ફલ પ્રભુ જ સિદ્ધ કરી દે.

હોલોત્સવ, સં. ૧૯૭૮	**શાસ્ત્રી ચીમનલાલ**	સંવત ૧૯૮૪ ચૈત્ર શુ. ૧૧

श्रीकृष्णाय नमः।

श्रीशिक्षापद्यानि

श्रीद्वारिकेशकृतटीकया समलङ्कृतानि.

श्रीमद्वल्लभपादाब्जद्वयं हृदि सुशीतलम्।
निधाय शिक्षापद्यानि विवरिष्ये यथामति ॥ १ ॥

अत्रैवमाख्यायिका। कदाचित् श्रीमदाचार्यचरणैरडेलग्रामे वसद्भिर्भगवदाज्ञात्रयानन्तरं '*यदा कर्मविपाकेषु लोकेषु निरयात्मसु। विरागो जायते सम्यङ् न्यस्ताग्निः प्रव्रजेत्तत' इत्याद्येकादशस्कन्धोक्तप्रकारेण सकलशास्त्राविरोधित्रिदण्डसंन्यासः कर्तुं विचारितः। तत्र च भार्याज्ञापेक्षिता। ततश्च मुहुर्याचनेपि भार्यादिभिराज्ञाया अदाने शीघ्रं स्वपर्णशालाज्वालनं कृतम्। तदाग्नुपद्रवं दृष्ट्वा निर्गच्छत शीघ्रं निर्गच्छतेति उक्ते करककौपीनौ गृहीत्वा निर्गताः संवत् १५८७ ज्येष्ठकृष्णदशम्याम्। ततोग्निरपि शान्तः। यथाविधिसंन्यासं गृहीत्वा अडेलग्रामात् काश्यामागताः। पूर्वाज्ञाद्वयस्य देहदेशपरित्यागौ

*११-१८-१० १ विधिना पाठ.

पाक्षिकदोषपरिहारेण कर्तुं मासमात्रमनशनं कृतवन्तः, दिनाष्टकं मौनव्रतञ्च। तदा श्रीगोपीनाथाः श्रीमत्प्रभुचरणाश्च ससेवकाः सकुटुम्बाः श्रीमदाचार्यचरणानां दर्शनार्थमडेलग्रामात् काश्यामागत्य श्रीमदाचार्यचरणान् दृष्ट्वास्माभिः किं कर्तव्यमिति प्रार्थितवन्तः। तदा भाषणस्य त्यक्तत्वात् श्लोकत्रयं सार्धं लिखित्वा श्रीमत्प्रभुचरणेभ्यो दत्तवन्तः। तदत्र सार्धपद्यत्रयं शिक्षासार्धत्रयश्लोकीति ख्यातं तद्व्याकरोमि।

तथा हि। अथ श्रीमदाचार्यचरणाः श्रीमत्प्रभुचरणानुद्दिश्य स्वकीयं निगूढं सिद्धान्तं निजजनान् शिक्षयितुमुपदिशन्ति यदा बहिरिति।

यदा बहिर्मुखा यूयं भविष्यथ कथञ्चन।
तदा कालप्रवाहस्था देहचित्तादयोऽप्युत ॥ १ ॥
सर्वथा भक्षयिष्यन्ति युष्मानिति मतिर्मम।

अस्मिन्मार्गे बाहिर्मुख्यं मुख्यो दोषः। तच्चानेकधा भवति, परं तत्र कारणचतुष्टयं मुख्यम्। अन्याश्रयासमर्पितवस्तुभोगासदालापासत्सङ्गरूपम्। तदेतत्सर्वं हृदिकृत्याहुः कथञ्चनेति। केनापि प्रकारेण यदा यूयं भगवतो बहिर्मुखा भविष्यथ तदा कालप्रवाहस्था देहचित्तादयोऽप्युत युष्मान्

सर्वथा भक्षयिष्यन्ति, मे मतिरित्येवेत्यन्वयः। यदा यस्मिन्काले, तेन सदा भगवत्साम्मुख्येन स्थातव्यमिति शिक्षा कृता। अन्यथात्वे बाधकमाहुस्तदेति। तस्मिन्नेव समये युष्माकं देहचित्तादयो *भगवच्चरणामृतचरणरेणुसंपादिता अपि कालप्रवाहस्था भविष्यन्ति। उतेति वितर्कयामहे। अतोपि विशेषबाधकमाहुः सर्वथेति। सर्वैः प्रकारैर्युष्मान् भक्षयिष्यन्ति स्वान्तः पातयिष्यन्ति, युष्मान् भगवदीयानपि जीवान् कालप्रवाहस्थान् करिष्यन्ति। इदं महद्बाधकम्। अत्र स्वमतिप्रमाणत्वेनाहुरिति मतिर्ममेति। ननु सेवा तु क्रियत एव तयैव सर्वं सेत्स्यति किं बाहिर्मुख्येनेत्याशङ्क्य प्रमेयमाहुर्न लौकिकः प्रभुरिति।

न लौकिकः प्रभुः कृष्णो मनुते नैव लौकिकम् ॥ २ ॥
भावस्तत्राप्यस्मदीयः सर्वस्वश्चैहिकश्च सः।

कृष्णः फलात्मा प्रभुः सर्वकरणसमर्थो लौकिको न भवति, अतो लौकिकं बाहिर्मुख्येन कृतं सेवनं न मनुते। न तस्य बहिर्मुखजनकृतसेवापेक्षास्ति। ननु भावसहितसेवापेक्षा भविष्यतीत्याशङ्क्य साधनमाहुर्भावस्तत्रेति। तत्रापीति

* भगवच्चरणरेणुसंपादिता इतिपाठः

भावः तत्सेवायामपि। अस्मदीयः अस्मद्भावित एव भावो भगवत्प्रसादस्य साधनमलौकिकत्वात्। स भावः कीदृशो भविष्यतीत्याशङ्क्य स्वकीयं भावमाहुः सर्वस्व इति। *ईश्वरस्य सर्वस्वम्। चकारेण सर्वपरमपि, ऐहिक इति इह लोके भवः पदार्थः। चकारेण पारलौकिकः स प्रभुरिति।

परलोकश्च तेनायं सर्वभावेन सर्वथा ॥ ३ ॥
सेव्यः स एव गोपीशो विधास्यत्यखिलं हि नः॥३१॥

इति श्रीमदाचार्योक्तशिक्षापद्यानि.

परलोकः स्वर्गादिः। चकारेणायं लोकस्तेन भगवतैव नान्येन। एतावत्युक्ते भगवानाविर्भूतस्तदा भगवन्तं प्रदर्श्य सेवाफलरूपमाहुरयमिति, परिदृश्यमानो भगवान् स एव गोपीशः, यो गोपीनां मदमानयोर्जातयोस्तिरोभूय गोपीस्तनूः कृतवान्। दैन्याविष्कारे आविर्भूय गोपीनामीशः पालको जातः। अतः सर्वथा सर्वैः प्रकारैः 'श्रद्धाऽमृतकथायां म' इति सन्दर्भोक्तेन सर्वभावेन पतिपुत्रादिभावेन सर्वेषामिन्द्रियाणां भावेन क्रियया निरोधलक्षणोक्तया वा सेव्यः, कायवाङ्मनोभिर्भजनीयः। एवं क्रियमाणे नोऽस्माकं सर्वथा प्रपन्नानां

* सर्व स्वस्य (आत्मनः)

स एव गोपीशः अखिलं शरणादारभ्य स्वाश्रयसम्प[illegible]न्तं विधास्यति करिष्यति। एवञ्चात्र बाहिर्मुख्यं कदापि न कर्तव्यं, सदा भगवत्साम्मुख्येन स्थातव्यमित्येका शिक्षा। प्रभौ लौकिकभावो न कर्तव्य इत्यपरा। भावोऽप्यस्मत्सम्बन्धी विधेय इत्यन्या। सर्वथा सर्वभावेन सेव्य इतीतरा। इति शिक्षाचतुष्टयं सिद्धम्। एवं श्रीमदाचार्यचरणाः श्रीमत्प्रभुचरणेभ्यः शिक्षापत्रं दत्वा 'तृतीयोऽलोकगोचर' इति तृतीयाज्ञां साधयितुमाषाढशुक्लद्वितीयायां तृतीयायुक्तायामासुराणां व्यामोहाय गङ्गाप्रवेशं कृतवन्तः। तदा सर्वैस्तत्रसैर[illegible]पुञ्जो जलान्निष्क्रम्य विहायसा गच्छन् स दृष्ट इति किल श्रूयते।

सार्धश्लोकत्रयीशिक्षा श्रीमदाचार्यनिर्मिता।
द्वारिकेशेन विवृता श्रीमद्गोस्वामितुष्टये ॥ १ ॥

इति श्रीमद्वल्लभाचार्यचरणरेणुधनिना श्रीमद्गोस्वामिद्वारिकेश्वरेण विरचिता शिक्षापद्यटीका संपूर्णाभवत्।

श्रीशिक्षासार्धत्रयश्लोकी.

श्रीद्वारिकेश्वरजीकृत टीकानो गुर्जरानुवाद.

श्रीमद्वल्लभपादाब्जद्वयं हृदि सुशीतलम् ।
निधाय शिक्षापद्यानि विवरिष्ये यथामति ॥ १ ॥

"અતિશીતલ શ્રીમદ્વલ્લભચરણકમલયુગ્મને હૃદયમાં ધારણ કરી યથામતિ શિક્ષાપદ્યનું વિવરણ કરીશ."

શ્રીદ્વારિકેશાચરણ.

અત્ર એક આખ્યાયિકા છે. એક વખતે અડેલ ગામમાં શ્રીમદાચાર્યચરણે ત્રણ આજ્ઞા થયા પછી "જ્યારે કર્મના ફલરૂપ લોકમાં નરકરૂપતા સમજાતાં વૈરાગ્ય જ્યારે ઉત્પન્ન થાય ત્યારે અગ્નિ વિગેરેને ત્યજીને સંન્યસ્ત ગ્રહણ કરે," આ શ્લોકોક્ત પ્રકારે સકલશાસ્ત્ર-અવિરોધી ત્રિદણ્ડસંન્યાસ કરવાનો વિચાર કર્યો, આ સમયે પત્ની પાસે આજ્ઞા પુનઃ પુનઃ માગી છતાં પણ જ્યારે ના આપી ત્યારે આપે એક યુક્તિ કરી. સ્વકીય પર્ણશાલા સલગાવી મુકી, આ અગ્નિનો ઉપદ્રવ દેખી ભાર્યાએ કહ્યું કે "**निर्गच्छत**" "**शीघ्रं निर्गच्छत**" નિકલી જાઓ. જલદી નિકલી જાઓ. આ આજ્ઞારૂપીવચન સ્વીકારી આપશ્રી કમંડલુ કૌપીન લેઈ સંવત્ ૧૫૮૭ જ્યેષ્ઠ કૃષ્ણ દશમીના દિને નિકલી ગયા, અગ્નિ પણ શાન્ત થયો. પુનઃ યથાવિધિ સંન્યાસ લેઈને અડેલગામથી કાશીમાં પધાર્યા.

આપશ્રીથી દેહ અને દેશના પરિત્યાગ કરાવવાની આજ્ઞાનું પાલન નહિ થએલું તેથી પાક્ષિક દોષનો પરિહાર કરવાને એક માસ સુધી અનશનવ્રત અને આઠ દિવસ મૌનવ્રત ધારણ કર્યું. આ સમયમાં શ્રીગોપીનાથજી અને શ્રીગુંસાઈજી સેવકો અને કુટુંબસહિત શ્રીમદાચાર્યચરણના દર્શનાર્થ અડેલ ગામમાંથી કાશીમાં પધાર્યા. શ્રીમદાચાર્યનાં દર્શન કરી વિનતિ કરી કે 'અમારૂં શું કર્તવ્ય' આ વિનતિના ઉત્તરમાં મૌનવ્રત ધારણ કરેલું હોવાથી સાડાત્રણ શ્લોક લખીને શ્રીપ્રભુચરણને આપ્યા. તે સાડાત્રણ શ્લોક '**શિક્ષાસાર્ધત્રયશ્લોકી**' આ નામથી પ્રસિદ્ધ છે, તેનુંજ વિવરણ અત્રે કરીએ છીએ.

શ્રીમદાચાર્યચરણ શ્રીપ્રભુચરણને ઉદ્દેશીને નિજજનોને સ્વકીય અત્યન્ત ગુપ્ત સિદ્ધાન્ત શિખવવા ઉપદેશે છે.

यदा बहिर्मुखा यूयं भविष्यथ कथञ्चन ।
तदा कालप्रवाहस्था देहचित्तादयोऽप्युत ॥ १ ॥
सर्वथा भक्षयिष्यन्ति युष्मानिति मतिर्मम ॥

ભાવાર્થ—જ્યારે કોઈ પણ પ્રકારે તમે બહિર્મુખ થશો ત્યારે કાલ અને પ્રવાહમાં રહેલા દેહચિત્ત વિગેરે પણ તમારૂં ભક્ષણ કરશે. અર્થાત્ તમારા અલૌકિક દેહચિત્તાદિક લૌકિક થઈ જશે, માટે ભગવત્સન્મુખ રહેજો, એવો મારો અભિપ્રાય છે.

વિવેચન—આ ભક્તિમાર્ગમાં બહિર્મુખતા એ મુખ્ય દોષ છે. તે દોષ અનેક પ્રકારે થાય છે, પરન્તુ તે બહિર્મુખતા ઉત્પન્ન થવામાં મુખ્ય ચાર કારણ છે,

૧. અન્યાશ્રય, ૨. અસમર્પિતવસ્તુભોગ, ૩. ર
સદાલાપ–વૃથાભાષણ, ૪. દુઃસંગ. આ સર્વનો વિચાર ક
આપે આજ્ઞા કરી કે કોઇ પણ પ્રકારે જ્યારે તમે બહિર્મુખ થ
જશો ત્યારે કાલ અને પ્રવાહમાં રહેલા દેહચિત્ત વિગેરે તમે
સર્વથા ભક્ષણ કરી જશે, આ પ્રમાણે મારી મતિ અભિપ્રાય
માટે તમારે ભગવત્સન્મુખ રહેવું, ભગવાન્‌થી વિમુખ ન થ
આ પ્રથમ શિક્ષોપદેશ થયો. જો ભગવાન્‌થી વિમુખ થશો
તેજ સમયે તમારૂં દેહચિત્તાદિક ભગવાનના ચરણામૃત અ
ચરણકમલના રેણુથી ઉત્પન્ન થયેલું છતાં પણ કાલપ્રવા
બની જશે, અને આ દેહચિત્ત કાલપ્રવાહસ્થ થાય તે મહ
બાધક છે, એજ તમને મારો અભિપ્રાય છે,

તમે કહેશો કે—"સેવા તો અમે કરીયે છીએ. તો
સેવાથી સર્વ સિદ્ધ થઇ જશે. પુનઃ બહિર્મુખતાનો લ
નહિ રહે?" પરન્તુ તેમ ન માનશો, કારણ કે—

न लौकिकः प्रभुः कृष्णो मनुते नैव लौकिकम् ॥ २ ।
भावस्तत्राप्यस्मदीयः सर्वस्वश्चैहिकश्च सः ।

ભાવાર્થ:—ફલરૂપ શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુ લૌકિક નથી
લૌકિકને નહિ માને. લૌકિકે–બહિર્મુખે–કરેલી સેવાને ન
સ્વીકારે. અલૌકિક પ્રભુને પ્રસન્ન કરવામાં આપણો ભાવ
સાધન છે. તે ભાવ "આ સર્વ ભગવાનનું છે. ભગવાન્ શ્રીકૃ
સર્વથી પર છે. આ લોકસબંધિ અને પરલોકસંબંધિ સ
ભગવાનનું જ છે." આવો ભાવ હોવો જોઇએ. ૨.

વિવેચન:—ફલરૂપ સર્વકરણ સમર્થ શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુ લૌકિક નથી, અલૌકિક શ્રીકૃષ્ણચન્દ્ર લૌકિક–બહિર્મુખતાથી કરેલું–સેવન નહિ સ્વીકારે. બહિર્મુખે કરેલી સેવાની તેમને જરા પણ અપેક્ષા નથી.

પ્રશ્ન:—ભાવ સહિત સેવા કરીશું તો બહિર્મુખ નહિ થવાય.

ઉત્તર:—પણ તે ભાવ કેવો હોવો જોઈએ તે સમજાવું. ભાવયુક્ત સેવા કરવામાં પણ ભગવત્કૃપા સંપાદનકરનાર આપણો અલૌકિક ભાવ જ છે. લૌકિકભાવ કૃપાસંપાદન નથી કરી શકતો. પણ અલૌકિકભાવ કૃપા સંપાદન કરી શકે, તે ભાવ આ સર્વ ભગવાનનું છે. ભગવાન્ શ્રીકૃષ્ણ સર્વથી પર છે. આ લોકસંબંધિ અને પરલોકસંબંધિ સર્વ વસ્તુ ભગવાન્ જ છે.

परलोकश्च तेनायं सर्वभावेन सर्वथा ॥ ३ ॥
सेव्यः स एव गोपीशो विधास्यत्यखिलं हि नः ॥३१॥

ભાવાર્થ:—પરલોક સ્વર્ગાદિ અને આ લોક પણ ભગવાનથી જ સિદ્ધ થાય છે. આ–પ્રકટ થએલા–ગોપીશ સર્વાત્મભાવ પૂર્વક સેવવા. તે જ ગોપીશ આપણું સર્વ શરણાદિ આશ્રયપર્યન્ત ફલ સિદ્ધ કરશે.

વિવેચન:—પરલોક–સ્વર્ગ વિગેરે–અને આ લોક પણ ભગવાનથી જ ઉત્પન્ન થએલ છે.

(આટલો ઉપદેશ થતાં જ શ્રીકૃષ્ણ પ્રકટ થયા તેમને દેખાડીને આપ કહેવા લાગ્યા.)

ઉપર જણાવ્યા મુજબ ભાવસહિત જો સેવા કરશો તો આ ભગવાન્ શરણથી આરંભી સ્વઆશ્રયસમ્પાદન પર્યન્ત સર્વફલ સિદ્ધ કરશે. આ સન્મુખ બિરાજેલા ભગવાન્ ગોપીશને જુઓ. ગોપીજનોને જ્યારે મદ અને માન થયાં ત્યારે આપ તિરોધાન થઈ ગોપીજનોને નિર્બલ કર્યાં. ગોપીજનોનાં મદમાન ઉતરી ગયાં, દીનતાથી રુદન કરવા લાગ્યાં, ત્યારે ભગવાને પ્રકટ થઈ ગોપીના ઈશ–પાલનાર–થયા. માટે મદમાન ત્યજી સર્વ પ્રકારે*–એકાદશસ્કન્ધના 'શ્રદ્ધામૃત' શ્લોકોક્ત પ્રકારે–સર્વભાવથી–સર્વ પતિ- પુત્રાદિકભાવથી વા સર્વ ઇન્દ્રિય-ભાવથી નિરોધલક્ષણમાં કહ્યા મુજબ ભાવભાવન અને ગુણગાન વડે ભગવાન્ શ્રીકૃષ્ણને સેવવા. કાયામનવાણીથી ભજવા. આવી રીતે સેવવાથી શરણાગત ભક્તોને આ ગોપીશ શરણથી આરંભી સ્વાશ્રયદાન પર્યંત અખિલ ફલ સિદ્ધ કરશે.

સારાંશ—આ પ્રમાણે ચાર શિક્ષા કરી.

---

*મારી અમૃતરૂપ કથામાં શ્રદ્ધા, શ્રવણ કરેલાનું કીર્તન, સેવામાં નિષ્ઠા, સ્તુતિ–સ્તવન, સેવાદર સાષ્ટાંગ દંડવત્, ભગવદીયસેવા, સર્વ પ્રાણીમાં ભગવદ્‌ભાવ, મદર્થ અંગચેષ્ટા, વાણીથી ગુણગાન, મનનો મારામાં નિરોધ, તે પણ સર્વકામનારહિત, મારે માટે ભોગનો સુખનો અર્થનો પરિત્યાગ, ઇષ્ટ, દત્ત હુત, જપ્ત, વ્રત, તપ, સર્વ મારેજ માટે કરે, આ પ્રમાણે ધર્મોથી આત્મનિવેદની ભક્તોને મારામાં ભક્તિ થાય છે. પુનઃ તેને કયો પુરુષાર્થ અવશિષ્ટ રહે છે? અર્થાત્ સર્વ પુરુષાર્થ સિદ્ધ થાય છે. ભા. સ્કં૦ ૧૧–૧૯–૨૦–૨૧+૨૨+૨૩+૨૪.

પ્રથમ શિક્ષા—કદાપિ બહિર્મુખ ન થવું, સદા ભગવત્સન્મુખ રહેવું.

દ્વિતીય શિક્ષા—પ્રભુમાં લૌકિકભાવ ન કરવો.

તૃતીય શિક્ષા—ભાવ પણ લૌકિક નહિ પણ અસ્મદ્દ્-ભાવિત અલૌકિક જ રાખવો.

ચતુર્થ શિક્ષા—સર્વથા સર્વભાવથી સેવા કરવી.

આ પ્રમાણે શ્રીપ્રભુચરણને શ્રીઆચાર્યચરણે શિક્ષાપત્ર આપી તૃતીય લોક અપ્રસિદ્ધ આજ્ઞા- -સિદ્ધ કરવાને આષાઢ શુક્લ દ્વિતીયા (તૃતીયાયુક્ત) ને દિને આસુરોને વ્યામોહ કરવા ગંગાપ્રવેશ કર્યો, તે સમયે ત્યાં હાજર રહેલા સર્વેએ જલમાંથી નિકલી આકાશમાં જતો એક અગ્નિપુંજ જોયો.

આ શ્રીઆચાર્યચરણે કથેલી 'સાર્ધશ્લોકત્રયી'નું શ્રીમદ્ગોસ્વામિવર્યોના સંતોષાર્થ શ્રીદ્વારિકેશજીએ વિવરણ કર્યું.

શિક્ષાસાર્ધશ્લોકત્રયી સમ્પૂર્ણ થઈ.

હવે ભગવાને પ્રકટ થઇ નીચેનો દોઢ શ્લોક કહ્યો.

मयि चेदस्ति विश्वासः श्रीगोपीजनवल्लभे ।

तदा कृतार्था यूयं हि शोचनीय न कर्हिचित् ॥ १ ॥

ભાવાર્થ—જો મારામાં શ્રીગોપીજનવલ્લભસ્વરૂપમાં વિશ્વાસ હશે, તો તમે સર્વથા કૃતાર્થ છો. તમારા સર્વ પુરુષાર્થ સિદ્ધ થઇ જશે. તમારે કોઈપણ પ્રકારનો શોક કરવાનું રહેશે નહિ.

(આ શ્લોક ઉપર શ્રીદ્વારકેશચરણનું વિવરણ નથી.)

આપનું નામ સભાસદમાં નોંધાવો.

શ્રીબાલકૃષ્ણશુ૦મહાસભાના સભાસદ્દને આપવામાં આવેલો લાભ.

(લાઇફ મેમ્બર ચાર છે) યાવજ્જીવન સભાસદ્દ

રૂ૦ ૧૦૦૦) પ્રથમ વર્ગના   રૂ૦ ૨૫૦) તૃતીય વર્ગના

" ૫૦૦) દ્વિતીય વર્ગના   " ૧૦૦) ચતુર્થ વર્ગના

" ૫૦) દશ વર્ષના મતાધિકારી સભાસદ

" ૨૫) પાંચ વર્ષના મતાધિકારી સભાસદ

" ૨) વાર્ષિક સભાસદ બીન મતાધિકારી

સં. ૧૯૮૩ના વર્ષમાં સભાસદ્દને નીચે પ્રમાણે પુસ્તકો આપવામાં આવ્યાં હતાં.

૧. વિવેકધૈર્યાશ્રય ચારટીકા સંસ્કૃત, ગુજરાતી અનુવાદ	રૂ. ૧–૦–૦
૨ બ્રહ્મસંબંધ	૦–૧–૦
પુષ્ટિકલ્પતરુ (ત્રૈમાસિક)	૧–૪–૦
૪ શ્રીવલ્લભકૃષ્ણશરણાષ્ટક ગુજરાતી અનુવાદ સાથે	૦–૧–૦
૫ શ્રીકૃષ્ણાશ્રય....	૦–૧–૦
૬ રીપોર્ટ નિયમાલિ	
૭ પ્રથમ અધિવેશનનું શ્રી. ગો. બાલકનું ચિત્ર	૦–૪–૦

મંત્રી શ્રીબા. શુ. મહાસભા

સંવત ૧૯૮૪ના સભાસદને માટે

પુષ્ટિકલ્પતરુ ત્રૈમાસિક	૧–૪–૦
બાલબોધ સ૦ ત્રણટીકા ગુજરાતી....	૧–૦–૦
ભાગવત પ્રકરણ વિભાગસૂચિકા	૦–૮–૦

હજુ જે મંજુર થશે તે ગ્રન્થો આપી શકીશું.

મોટામંદિર } **ચીમનલાલ શાસ્ત્રી**
સુરત } મંત્રી શ્રીબા. શુ. મહાસભા

શ્રી કૃષ્ણ:।

નામ નોંધાવો. **અગાઉના ગ્રાહકોમાં**

પુષ્ટિમાર્ગોપદેશિકા

(ભાગ ૨)

થોડાજ સમયમાં પ્રકટ થાય છે. સં ૧૯૮૪

પ્રથમ ભાગ જનસમાજમાં કેટલો બધો પ્રિય થઈ પડ્યો છે, ...ની નથી. બીજા ભાગ માટે ચાર વર્ષથી ઉપરાઉપરી માગણું ચાલુ જ છે. આ ગ્રન્થ મહાસભાની પરીક્ષામાં છે. પરીક્ષ્યોને બીજો ભાગ વાંચવા મન આકર્ષાય. પ્રથમ ભાગ કરતાં તે ઘણો મોટો છે. અનેક વિષયોનો સમાવેશ છે. પાઠની પદ્ધતિએ અભ્યાસમાં લેઈ શકાય, વાર્તામાં વાંચી શકાય, સ્ત્રીવર્ગ સર્વ સામાન્ય વાંચી શકે. પોસ્ટેજ જુદું. ન્યોછાવર ૨-૦-૦

અગાઉના ગ્રાહકને સર્વને સરખું ન્યૂનન્યોછાવર થશે.

શાસ્ત્રી ચીમનલાલ હરીશંકર
મોટામંદિર-**સુરત.**